ગાંધીનગર સમાચાર

તા. ૧૨-૨-૨૦૧૨, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

### આસ્થાની કરૂણાંતિકા : તંત્રની નઘરોળ નિષ્ફળતા

ઉત્તરપ્રદેશ સરકારે લાખો રૂપિયાના ખર્ચે અલ્હાબાદ ખાતે આયોજિત મહાકુંભમાં પધારી પુણ્યનાં પોટલાં બાંધી જવાનું ઇજન પાઠવતી જાહેરાત કર્યે રાખી, રેલવે તંત્ર દ્વારા સ્પેશિયલ ટ્રેનો દોડાવીને લોકોને કુંભ સ્નાન માટે ઊમટી પડવાનું નોતરૂં પાઠવાયું અને લાખો સાધુ સંતો તથા એમનાં અખાડાઓ મારફત પણ કુંભસ્નાન માટે આવનારા યાત્રાળુઓની વ્યવસ્થા કરવાની ખાતરી અપાતી રહી પરંતુ આખરે જે થવાનું હતું તે થઇને જ રહ્યું. મૌની અમાવસ્યાનું સ્થાન સૌથી વધારે મહત્ત્વનું ગણાય છે. ચાર કરોડ લોકો ઊમટ્યા હતા. સ્નાન પતી ગયું તે પછી રેલવે સ્ટેશન પર એકત્ર થયેલી બેશુમાર ભીડને નિયંત્રણમાં રાખવાનું કામ ઘણું અઘરૂં હતું. દિવસ દરમિયાન સંગમ તટ પર મેળામાં થયેલી નાસભાગમાં બે માણસ કચડાઇ ગયા હતા, તે પછી રેલવે સ્ટેશન પર થયેલી હડિયાપાટીએ ઓછામાં ઓછા ચાળીસેક માણસોનો ભોગ લીધો. બીજા અનેક ઘાયલ થયા. કુંભ સ્નાનનો આનંદ શોકમાં ફેરવાઇ ગયો. આપણા દેશમાં નવી બાબત નથી. લગભગ દરેક કુંભ પર્વ વધતા ઓછાં પ્રમાણમાં નિર્દોષ યાત્રાળુઓનો ભોગ લેતું રહ્યું છે. અગાઉ પ્રયાગમાં, હરિદ્વારમાં અને નાશિકમાં આવી કે આથી પણ મોટી દુર્ઘટનાઓ બની જ હતી, છતાં ફરી એક વાર એનું પુનરાવર્તન થયું એનો અર્થ એ જે કે આપણે આવી બાબતો પરત્વે આંખ આડા કાન કરવા ટેવાઇ ગયા છીએ. દુર્ઘટના બને છે, હોબાળો મચે છે, તંત્ર સાબદું બની જાય છે; નેતાઓ એમની દિલસોજી વ્યક્ત કરે છે. મરનારની સાથે મુદ્દલ સહાનુભૂતિ નહીં હોવા છતાં જાણે એમનું નજીકનું સ્વજન મરી ગયું હોય એવું સોગિયું મોઢું રાખી એને શ્રધ્ધાંજલી આપવા દોડી જાય છે. 'નેતાઓ'માં શાસક પક્ષ અને વિરોધ પક્ષની ખામીઓ ઉજાગર કરવા મંડી પડે છે તો બીજી તરફ શાસક પક્ષ મૃતકોને વળતર આપવાની અને એમનાં પરિવારજનો પૈકી કોઇને નોકરી આપવાની લોકપ્રિય જાહેરાતો કરી પોતાનું પાપ ધોઇ નાખવાના કારસા કરવા લાગી જાય છે. મૂળમાં ભૂલ શાસનતંત્ર જેટલી જ મરનારની પણ છે. બલકે મરનાર ક્યારેક તો હાથે કરીને મોત નોતરતું હોય છે. મૌની અમાવસ્યાના દિવસે જ સંગમમાં ડૂબકી મારી દેવાની મોક્ષ મળી જાય એ માનસિકતા જ ભૂલભરેલી હતી. એ પછી ઉતાવળ કરીને ટ્રેનમાં ઘૂસી જવા માટેની પડાપડી સરકારે નહોતી કરાવી, એ ગુનો ખુદ કુંભયાત્રીઓએ પોતાના જોખમે આચર્યો હતો. અલબત્ત, કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારીમાંથી તંત્ર છટકી શકે નહીં, પરંતુ પ્રજાએ પોતે પણ અમુક ઉત્તરપ્રદેશના સિનિયર મંત્રી આઝમખાને કુંભમેળા પ્રબંધનના પ્રભારી તરીકે નૈતિક જવાબદારી લઇ હોદ્દા પરથી રાજીનામું આપ્યું છે, જે આવકારદાયક બાબત ગણાય. ખરૂં પૂછો તો રેલવે મંત્રીએ પણ આવું જ સાંકેતિક પગલું ભરી દાખલો બેસાડવાની જરૂર હતી. લક્ષ્મણ રેખાઓ નહીં ઓળંગવા જેટલો સ્વવિવેક દાખવવો જ રહ્યો. જ્યાં સુધી આ સ્વવિવેક નહીં પ્રગટે ત્યાં સુધી ગમે તેવું સરકારી આપદા પ્રબંધન આવા 'ડિઝાસ્ટર' કહેતાં 'હાદસા' અટકાવી શકશે નહીં.

# ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા પરિસરમાં યુજીસી અનુદાનિત રાષ્ટ્રીય સંગોષ્ઠી

ગાંધીનગર, તા.૧૧

ગૂજરાત વિદ્યાપીઠ મહાદેવ દેસઈ ગ્રામ સેવા મહાવિદ્યાલય, રાંધેજાના ગૃહ વિજ્ઞાન વિભાગમાં ૮-૯ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ કુટુંબ અને સમુદાય વિજ્ઞાનના સમ્પોષિત પરિમાણોની શોધમાં ગાંધી વિચારોની પ્રસંગિકતા વિષય પર યૂજીસી અનુદાનિત બે દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠી આયોજિત કરવામાં આવી હતી જેમાં ત્રણ ટેકનીકલ સત્રોમાં એના સાથે સંકળાયેલા સંકલિત મુદાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. સંગોષ્ઠીના નિયામક ડૉ. રાજીવ પટેલે જણાવ્યું હતું કે આ સંગોષ્ઠીમાં દેશના જુદા જુદા રાજયો રાજસ્થાન, મ.પ્ર., ઉ.પ્ર., મહારાષ્ટ્ર, હિમાચલ, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ અને ગુજરાતમાંથી ૧૦૦ પ્રતિનિધિઓ દ્વારા પત્ર પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

ઉદઘાટન સત્રના મુખ્ય અતિથિ પ્રોફેસર સુદર્શન આયંગર, કુલનાયક-ગૂજરાત વિદ્યાપઠે કહ્યું હતું કે સમ્પોષિત કુટુંબ અને સમુદાય વિજ્ઞાનમાં ગાંધી વિચાર વર્તમાનમાં પ્રાસંગિક છે જેનો સમાવેશ ગૃહ વિજ્ઞાનમાં જરુરી છે. ગૃહ વિજ્ઞાન વિષયનો વિકાસ ઔદ્યોગિક સમાજના યુવા મહિલા સંસાધનને શિક્ષિત કરવા માટે પેટા વિષયો-ગૃહ વ્યવસ્થાપન, કુટુંબ અભ્યાસ, જાતિ અભ્યાસ, વસ્ત્ર વિદ્યા, આહાર-





પોષણ અને માનવ વિકાસલક્ષી પાસાઓને આવરી સમ્પોષિત રીતે જીવનયાપન માટે તેમને તૈયાર કરવા માટે થયો છે. પણ આજની ભૌતિકતાવાદી સંસ્કૃતિમાં એવી મુખ્ય બાબતો છૂટી રહી છે તેની પૂર્તિમાં ગાંધી વિચાર અગત્યની ભૂમિકા ભજવી શકે છે. સમારોહના વિશિષ્ટ અતિથિ ડૉ. રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ ગૂજરાત વિદ્યાપીઠે કહ્યું હતું કે સમ્પોષિત શબ્દને ફરી પરિભાષિત કરવાની જરૂર છે. ગૃહ વિજ્ઞાનના ક્ષેત્રમાં એવા સાધનોની જરૂર છે જે માનવ ઉર્જાથી સંચાલિત ઉભી કરવા માટે ગાંધી વિચાર આધારિત પ્રયોગોનું અનુસરણ કરી રહી છે જે પર્યાવરણ સંરક્ષણને પોષે છે. સંગોષ્ઠી સંયોજક ડૉ. રાજીવ પટેલે જણાવ્યું હતું કે ગૃહ વિજ્ઞાન કળા અને વિજ્ઞાનનો સમન્વય છે જે ખરા અર્થમાં જીવન જીવવાની કળા શીખવાડી લોકોમાં આવશ્યક કુશળતાઓનું વિકાસ કરે છે. આ સંગોષ્ઠી સમ્પોષિત પ્રયાસોની શોધમાં મહત્વનો પ્રદાન આપવામાં સક્ષમ બની છે. સંગોષ્ઠીમાં દેશના જુદા જુદા રાજયો-પંજાબ, હિમાચલ, ઉ.પ્ર., મ.પ્ર., ઓરીસ્સા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, દિલ્હી અને ગુજરાતના ૧૦૦ પ્રતિનિધિઓએ શોધ પત્રો રજૂકરી સક્રીય ભાગીદારી કરી ગૃહ વિજ્ઞાનમાં સમ્પોષિત પરિમાણોની શોધની દિશા ચીંધી હતી.

ટેકનીકલ સૂત્રોના તજજ્ઞો મુંબઈની ડૉ. મનદીપ કોચરે પોતાના મંતવ્યો રજૂ કરતા કહ્યું હતું કે આ સંગોષ્ઠી વર્તમાનની જરૂરિયાતની ગરજ પૂરી પાડે છે અને ગાંધી વિચાર સમ્પોષિત ઉપાયોની શોધમાં મહત્વનો ફાળો આપી શકે છે. રાજસ્થાનની ડૉ. જયોતિ વર્માએ માનવાધિકાર અને મહિલા સશકિતકરણની ભારતમાં વર્તમાન સ્થિતિ પર ચિંતા વ્યકત કરતા જણાવ્યું હતું કે આ દિશામાં ઉપલબ્ધ કાનૂની જોગવાઈઓને અસરકારક રીતે અમલી બનાવવામાં ગાંધી વિચાર પ્રભાવી થશે. નવી દિલ્હીની ડૉ. પ્રેક્ષી અગ્રવાલે સમ્પોષિત પોષણ અને આરોગ્યના ક્ષેત્રે ગાંધી વિચારને વર્તમાન સંદર્ભમાં પ્રાસંગિક બતાવ્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠના ડૉ. લોકેશ જૈને જણાવ્યું હતું કે પારમ્પરિક જ્ઞાન વિજ્ઞાનને યોગ્ય સ્થાન આપી પરિવાર અને સમુદાય વિજ્ઞાનની વિદ્યાને સમ્પોષિત પ્રવાહમાં લાવવાનું શકય છે જે ગાંધી વિચારની એકદમ નજીક છે અને સમાજમાં હકારાત્મક રચનાત્મક પરિવર્તન લાવવામાં કારગત સાબિત થશે તથા જેમાં વ્યકિત સમષ્ટિ અને સૃષ્ટિના હિતોનું રક્ષણ શકય બનશે.

સંગોષ્ઠી સંયોજક જયશ્રી મહેતાએ પોતાના મંતવ્ય વ્યકત કરતા કહ્યું હતું કે ગૂજરાત વિદ્યાપીઠ પરિવાર અને સમુદાય વિજ્ઞાન કે સમ્પોષિત પ્રયોગો કી ઊર્વા ભૂમિ રહેલી છે જયાં ગાંધી વિચારને અનુલક્ષી સમાજની યુવા મહિલાશકિત તૈયાર કરવામાં આવે છે. આ સંગોષ્ઠીમાં વિચારોની સાર્થક આપ-લે દ્વારા ગૃહ વિજ્ઞાન વિષયને સમ્પોષિત તરીકે સમજવાનું સામૂહિક માત્રાત્મક-ગુણાત્મક પ્રયાસ કરવામાં આવ્યા છે. સંગોષ્ઠીના સહ સંયોજક ઉષાબેન પટેલ અને પારૂલબેન શ્રીમાળીએ કહ્યું હતું કે આજની ભૌતિકવાદી સંસ્કૃતિથી ત્રસ્ત માનવ સંસાધન પાસે આજે ગાંધી વિચાર ઉપર અમલ કરવા સિવાય બીજો સમ્પોષિત રસ્તો કદાચ નથી.

# પ્રેરણા વિદ્યાલયમાં વાર્ષિક રમતોત્સવ ઉજવાયો

## કોથળા દોડ, સ્લો સાઈકલીંગ, આંધળો પાર્ટનર વગેરે રમતોમાં બાળકો ઝળક્યા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૫-એ ખાતે આવેલી પ્રેરણા વિદ્યાલયમાં તાજેતરમાં બે દિવસનો રમતોત્સવ ખૂબ જ હર્ષોલ્લાસ સાથે યોજાયો હતો. શાળાના ૮૫૦ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ રમતોત્સવમાં ખૂબ રસપૂર્વક ભાગ લઈ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવી ઈનામ પ્રાપ્ત કર્યા હતા.

શાળા રમતોત્સવમાં કોથળા દોડ, લીંબુ ચમચી, લોટફૂંક, એક મિનિટ ગેઈન, સ્કાફ પહેરવાની ગેમ, ત્રિપગી દોડ, સ્લો સાઈકલ બેલેન્સ ગેમ, આંધળો પાર્ટનર તથા માઈન્ડ ગેમ, જલેબી ખાઉં, માટલા ફોડ જેવી રમતો યોજાઈ હતી.

પ્રાથમિક વિભાગની એક મિનિટ ગેમમાં અક્ષર ઓળખ રમતમાં સંજના પ્રથમ, હેમાંગી દ્વિતીય અને વિશ્વા તૃતીય તથા એકડી લખવીમાં મિહિર પ્રથમ, આયન બીજા નંબરે અને ભાવિન ત્રીજા નંબરે વિજેતા બન્યા હતા. દોડમાં હર્ષ પ્રથમ, દૃષ્ટિ દ્વિતીય, હાર્દિક તૃતીય તથા સંગીત ખુરશીમાં અભિષેક પ્રથમ, તનીસા બીજા નંબરે અને હરદેવ ત્રીજા નંબરે વિજેતા બન્યા



હતા. ધોરણ-૩ અને ૪માંની સંગીત ખુરશી રમતમાં વિરાજ રબારી પ્રથમ, સેજલ દ્વિતીય અને જય સોની તૃતીય તથા લોટફૂંકમાં રાહુલ પ્રથમ, સુંદરી દ્વિતીય અને ક્રિષ્ના તૃતીય નંબરે તેમજ બેલેન્સ રમતમાં કલ્પેશ પ્રથમ, છાયા બીજો અને પૃથ્વી ત્રીજા નંબરે વિજેતા થયા હતા. મેમરી ગેમમાં ક્રિના પ્રથમ, તનીશા દ્વિતીય અને બુશપ ત્રીજા નંબરે આવ્યા હતા. ધોરણ-૫, ૬ અને ૭ની કોથળા દોડ રમતમાં હાર્દિક પ્રથમ, કુલદીપ દ્વિતીય અને જયમુની ત્રીજા નંબરે લંગડી દોડમાં નેહલ પ્રથમ, પ્રવીણ દ્વિતીય અને મનીષ ત્રીજા નંબરે વિજેતા થયા હતા. ત્રિપગી દોડમાં સંગાડા પ્રવીણ પ્રથમ, મનીષ શર્મા દ્વિતીય અને વસૈયા નયન ત્રીજા નંબરે આવ્યા હતા. મેમરી ગેમમાં નેહા પ્રથમ, હિરલ બીજા નંબરે અને સંસ્કૃતિ ત્રીજા નંબરે તથા માટલા ફોડ રમતમાં સંસ્કૃતિ ગોલ પ્રથમ નંબરે વિજેતા બની હતી.

માધ્યમિક વિભાગની કોથળા દોડ રમતમાં છોકરીઓમાં પાયલ પ્રથમ, કિંજલ દ્વિતીય અને ભૂમિ તૃતીય તથા છોકરાઓમાં મયંક પ્રથમ, દિવ્યરાજ દ્વિતીય અને દિવાન યુનુસ તૃતીય નંબરે વિજેતા થયા હતા. લોટફૂંક ભાઈઓમાં સાહિલ પ્રથમ, અજય દ્વિતીય અને જયેન્દ્ર તૃતીય તથા છોકરીઓમાં પાયલ પ્રથમ, કિંજલ દ્વિતીય નંબરે અને ભૂમિ તૃતીય નંબરે વિજેતા બની હતી. સ્કાર્ફ ગેમમાં દિવ્યા પ્રથમ, મિત્તલ દ્વિતીય તથા શર્ટ પહેરવાની ગેમમાં રાજદીપ પ્રથમ, કરણ દ્વિતીય, સાહિલ તૃતીય તથા સ્લો સાઈકલીંગમાં આરતી પ્રથમ, સંધ્યા દ્વિતીય અને આતી રાવળ તૃતીય તથા છોકરાઓમાં ધર્મેન્દ્ર પ્રથમ, હિરલ દ્વિતીય નંબરે વિજેતા થયા હતા. બેલેન્સ ગેમમાં રોમા પટેલ પ્રથમ, મિત્તલ દ્વિતીય અને પ્રતિત્રા તૃતીય નંબરે તથા છોકરાઓમાં અભિષેક શર્મા પ્રથમ, દિગ્વીજય ચાવડા દ્વિતીય તથા આંધળો પાર્ટનરમાં અમિષા અને બિજલ પ્રથમ, કેના અને સુરેખા દ્વિતીય નંબરે વિજેતા થયા હતા. છોકરાઓમાં મયૂર અને જીગર પ્રથમ નંબરે, અભિષેક અને મિતેષ દ્વિતીય નંબરે વિજેતા થયા હતા. ગુણાકાર ગેમમાં વૈદેહી પ્રથમ, દિપેન્દ્ર દ્વિતીય તથા લીંબુ ચમચીમાં મયુરિકા શ્રીમાળી પ્રથમ, પ્રતિત્રા બારોટ દ્વિતીય અને મોનિકા સોલંકી તૃતીય તથા છોકરાઓમાં અભિષેક પ્રથમ, ગૌરવ ચૌધરી દ્વિતીય નંબરે વિજેતા થયા હતા. ત્રિપગી દોડમાં ભૂમિ અને મિત્તલ ચાવડા પ્રથમ નંબરે, રોમા અને મિત્તલ સોલંકી દ્વિતીય અને ઋજુતા અને નિહારિકા તૃતીય નંબરે વિજેતા બન્યા હતા. છોકરાઓમાં દિપેન્દ્ર અને જીગર પ્રથમ નંબરે, જયેન્દ્ર અને મિતેષ દ્વિતીય નંબરે તથા ગૌરાંગ અને મનિષ યાદવ તૃતીય નંબરે વિજેતા થયા હતા.

રમતોત્સવમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા અને આચાર્યા સ્વાતિબા રાઓલે શાળા વતિ અભિનંદન પાઠવી પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે વિજેતાને ઈનામ આપ્યા છે.







# સરસ્વતી વિદ્યાલયમાં 'સ્પોર્ટ્સ ડે'ની ઉજવણી







સરસ્વતી વિદ્યાલયમાં 'સ્પોર્ટ્સ ડે' ઉજવવામાં આવ્યો હતો. શાળામાં દરેક વિભાગની રમતો યોજવામાં આવી હતી. જુ.સી.કે.જી. વિભાગમાં સંગીત ખુરશીમાં મકવાણા માટે, દેડકા દોડમાં દેસાઇ યુવરાજ, વસ્તુની હેરાફેરીમાં પટેલ જયશ્રી, મણકા છુપાવવામાં વાઘેલા જાનવી, દોડમાં પટેલ મીત, બિસ્કીટ ખાઉમાં દેસાઇ હેત, વાટકી રેશમાં વાઘેલા જાનવી, ચાંલ્લા લગાવવામાં ચાવડા નિકીતા, ધોરણ ૧ થી ૪ના વિભાગમાં લીંબુ ચમચીમાં રિધ્ધિ, અને યશ બિસ્કીટ ખાઉંમાં મયુર અને ગૌતમ, સંગીત ખુરશીમાં દેવરાજ અને ગીષ્મા, નિશાન તાકમાં સંજય અને આશિયાના, સોય દોરામાં સીમા, દેડકા દોડમાં મલય, ૫૦મી દોડમાં પાર્થ અને સોનલ.

ધોરણ-૫ થી ૭ના વિભાગમાં છોકરાઓ માટે સ્લો સાયકલમાં ભરવાડ યશ, ૧૦૦મી દોડમાં દક્ષેશ, કોથળા દોડમાં ભરવાડ જામા, સિક્કા શોધમાં લયનેશ પરીખ, ત્રિપગી દોડમાં હર્ષપુરી અને ખાંટ રોહિત છોકરીઓ માટેનાં વિભાગમાં દોરડા કૂદમાં રાવલ સિધ્ધિ, સિક્કા શોધમાં વાઘેલા કોમલ, ૫૦મી દોડમાં હિનલ, સંગીત ખુરશીમાં બિનલ.

ધોરણ-૮ થી ૧૨ના વિભાગમાં છોકરાઓ માટે ૧૦૦ મી દોડમાં પટણી વિપુલ, સ્લો સાયકલમાં પટણી મનીષ, ત્રિપગી દોડમાં દંતાણી કુલદીપ અને સોલંકી મયુર, કોથળા દોડમાં ગુર્જર પિયુષ, એક મિનિટમાં બહુકીયા દિલીપ, ચોકલેટ શોધમાં પટણી મનીષ, છોકરીઓ માટેનાં વિભાગમાં સંગીત ખુરશીમાં પ્રજાપતિ રોહિણી, લીંબુ ચમચીમાં વાઘેલા સ્મીત, એક મિનીટમાં મેસરીયા જાગૃતિ, ૫૦ મી દોડમાં દંતાણી મિત્તલ, ચોકલેટ શોધમાં પરમાર પૂનમ વિજેતા જાહેર થયા હતા. શિક્ષકોના વિભાગમાં સંગીત ખુરશીમાં મીનલબેન વિજેતા થયા હતા.